પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪૯ | ૨૧ નવેમ્બર, ૨૦૨૨, સોમવાર; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ‘ગગનયાન’ માટે પેરાશૂટનું સફળ પરીક્ષણ

**ISROએ નવો રેકોર્ડ બનાવ્યો : ત્રણ મુખ્ય પેરાશૂટમાંથી બે અવકાશયાત્રીઓને લેન્ડ કરવા માટે પૂરતા છે પરંતુ એક પેરાશૂટ વધારાનું છે : ઈસરો**



નવી દિલ્હી, તા.૨૦

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ ભારતના પ્રથમ ‘મેડ ઈન ઈન્ડિયા’ રોકેટના પ્રક્ષેપણ બાદ વધુ એક સફળતા હાંસલ કરી છે. એજન્સીએ વધુ એક સફળ પરીક્ષણ હાથ ધર્યું છે, જે દેશના ડ્રીમ પ્રોજેક્ટ, ગગનયાન પ્રોજેક્ટને સાકાર કરવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હોવાનું કહેવાય છે. માનવ અવકાશ ઉડાન ક્ષમતા દર્શાવવા માટે ISRO દ્વારા આ પ્રથમ પ્રોજેક્ટ છે. ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરે ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં બબીના ફીલ્ડ ફાયર રેન્જ (BFFR) ખાતે ઈન્ટીગ્રેટેડ મેઈન પેરાશૂટ એરડ્રોપ ટેસ્ટ (IMAT)નું આયોજન કર્યું છે.

ઈસરોએ કહ્યુ કે આઈએમએટી દેશની મહત્વકાંક્ષી ગગનયાન પરિયોજનાને સાકાર કરવાની દિશમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. અંતરિક્ષ એજન્સીએ કહ્યું કે ગગનયાનની ગતિ ઓછી કરવાની પ્રણાલીમાં ત્રણ મુખ્ય પેરાશૂટનો સમાવેશ થાય છે, જે પ્રમાણમાં નાના છત્રજી, પાઈલોટ અને ડ્રોગ પેરાશૂટ સિવાય છે, જેથી લેન્ડિંગ દરમિયાન ક્રૂ મોડ્યુલની ઝડપને સુરક્ષિત સ્તરે ઘટાડી શકાય.

ઈસરોએ કહ્યું કે ત્રણ મુખ્ય પેરાશૂટમાંથી બે અવકાશયાત્રીઓને લેન્ડ કરવા માટે પૂરતા છે, પરંતુ એક પેરાશૂટ વધારાનું છે. ઈસરોએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય પેરાશૂટ ન ખુલે તેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવું કરવામાં આવ્યું છે. આ પરીક્ષણમાં ક્રૂ મોડ્યુલ માસની સમકક્ષ પાંચ ટનના ડમી દ્રવ્યમાનને ૨.૫ કિમીની ઉંચાઈ પર લઈ જવામાં આવ્યો હતો અને ભારતીય વાયુસેનાના -૭૬ એરક્રાફ્ટનો ઉપયોગ કરીને છોડવામાં આવ્યો હતો.

પ્રારંભિક આંચકો ઘટાડવા માટે મુખ્ય પેરાશૂટનું કદ શરૂઆતમાં નાના વિસ્તાર સુધી મર્યાદિત હતું. જીઈએ કહ્યું, ‘સંપૂર્ણપણે તૈનાત મુખ્ય પેરાશૂટે પેલોડની ઝડપને સુરક્ષિત લેન્ડિંગ સ્પીડમાં ઘટાડી દીધી. આ સમગ્ર ક્રમ લગભગ ૨-૩ મિનિટ સુધી ચાલ્યો. પેરાશુટ ધીમેથી જમીન પર આવ્યુ અને વૈજ્ઞાનિકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ.

પેરાશૂટ ડિલેરેશન સિસ્ટમની ડિઝાઈન અને વિકાસ એ ISRO અને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)નો સંયુક્ત કાર્યક્રમ છે. આ મહત્વપૂર્ણ પરીક્ષણ દરમિયાન ISRO અને DRDOના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને વાયુસેનાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## આવતીકાલે રોજગાર મેળાનો હવે બીજો તબક્કો

**વડાપ્રધાન શહેરોના યુવાનોને નિમણૂક પત્ર આપશે**

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૦ લાખ નોકરીઓ આપવાની જાહેરાતનો બીજો તબક્કો ૨૨ નવેમ્બરે યોજાશે. કેન્દ્ર સરકાર દેશભરમાં ૪૫ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરશે. પીએમ મોદી આ ૪૫ સ્થળો પર આયોજિત રોજગાર મેળાને ઓનલાઈન સંબોધિત કરશે. તમને જણાવી દઈએ કે મોદી સરકારના મંત્રીઓ રોજગાર મેળા કેન્દ્રમાં હાજર રહેશે અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વડાપ્રધાન મોદી સાથે જોડાશે. આ સાથે મંત્રી યુવાનો સાથે પણ વાત કરશે.

## ટેક કંપની સિસ્કો પોતાના કર્મચારીઓની છટણી કરશે

નવી દિલ્હી, તા.૨૦

દુનિયાના અનેક દેશોમાં મંદીનો દૌર ચાલી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે દિગ્ગજ કંપનીઓ પોતાની કંપનીઓમાંથી હજારોની સંખ્યામાં કર્મચારીઓની છંટણી કરી રહી છે. ટ્વિટર, મેટા અને એમઝોન બાદ વધુ એક ટેક કંપની સિસ્કોએ પોતાના કર્મચારીઓની છટણીનું એલાન કર્યું. કંપનીએ પોતાના ૫ ટકા એટલે કે ૪૦૦૦થી વધુ કર્મચારીઓની છટણી કરવા જઈ રહી છે. સિલિકોન વેલી બિઝનેસ જર્નલ મુજબ સિસ્કો પાસે હાલમાં લગભગ ૮૩,૦૦૦ કર્મચારીઓ છે જેમાંથી કંપની લગભગ ૪૧૦૦ કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી રહી છે. આ છટણી રાઈટ ટુ બિઝનેસ રિબેલેન્સિંગ એક્ટ હેઠળ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી, કંપનીના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી, ચક રોબિન્સે, છટણી વિશે કોઈ ચોક્કસ માહિતી આપી નથી. જ્યાં

● અનુસંધાન પાન-૭ પર

## બદ્રીનાથ ધામના કપાટ બંધ થયા

**૧૭ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કર્યા દર્શન : બદ્રીનાથના દરવાજા બંધ થતાં ચાર ધામ યાત્રાનો અંત આવ્યો**

બદ્રીનાથ, તા.૨૦

ઉત્તરાખંડ સ્થિત બદ્રીનાથ ધામના દરવાજા શિયાળા માટે બંધ કરવામાં આવ્યા. આ સાથે ચાર ધામ યાત્રાનું પણ સમાપન થયું. બદ્રીનાથ ધામના દરવાજા બંધ થવા દરમિયાન યોજાયેલા રંગારંગ સમારોહમાં ભાગ લેવા માટે અહીં પાંચ હજારથી વધુ શ્રદ્ધાળુઓ એકઠા થયા હતા. ભગવાન વિષ્ણુને સમર્પિત બદ્રીનાથ મંદિરના દરવાજા જય બદ્રી વિશાલના નારાઓ અને ગઢવાલ સ્કાઉટ્સ દ્વારા વગાડવામાં આવતી ભક્તિની ધૂન વચ્ચે બંધ કરવામાં આવ્યા હતા. મંદિરના મુખ્ય પૂજારી રાવળ ઈશ્વરી પ્રસાદ નંબૂદીરીએ પરંપરા મુજબ સ્ત્રીની જેમ પોશાક પહેરીને ગર્ભગૃહમાં દેવી લક્ષ્મીની મૂર્તિ સ્થાપિત કર્યા બાદ મંદિરના દરવાજા બંધ કરી દીધા હતા. બદ્રીનાથના દરવાજા બંધ થતાં આ વર્ષની ચાર ધામ યાત્રાનો અંત આવ્યો.

આ વર્ષે કુલ ૧૭ લાખ ૬૫ હજાર ૬૪૯ શ્રદ્ધાળુઓ બદ્રીનાથ પહોંચ્યા હતા અને આ પણ એક રેકોર્ડ છે. ચાર ધામ યાત્રામાં સામેલ કેદારનાથ, યમુનોત્રી અને ગંગોત્રી મંદિરો ગયા મહિને બંધ કરી દેવામાં આવ્યા હતા. બે વર્ષના અંતરાલ પછી, આ વર્ષે ચાર ધામ યાત્રા કોવિડ પ્રોટોકોલ વિના થઈ. તમને જણાવી દઈએ કે ઉત્તરાખંડના ચાર ધામોમાંથી એક બદ્રીનાથ ધામમાં દર વર્ષે લાખો ભક્તો આવે છે. પર્વતો પર બનેલ આ ધામ દર વર્ષે છ મહિના ભક્તો માટે ખોલવામાં આવે છે અને છ મહિના બંધ રાખવામાં આવે છે.

બદ્રીનાથ ધામના દરવાજા બંધ કરવામાં લગભગ ૫ દિવસ લાગે છે. એટલે કે જે દિવસે દરવાજા બંધ થાય છે, તેના ૫ દિવસ પહેલા આ પ્રક્રિયા શરૂ થાય છે. આમાં સૌથી પહેલા ભગવાન ગણેશના દરવાજા બંધ કરવામાં આવે છે.

## દિલ્હી MCD ચૂંટણી પહેલા કવિ કુમાર વિશ્વાસને ધમકી

**કુમાર વિશ્વાસને ધમકી મળી છે, સાથે તેમને કેજરીવાલ પર ટિપ્પણી ન કરવાની ચેતવણી આપવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૨૦

ગુજરાત વિધાનસભા અને દિલ્હી એમસીડી ચૂંટણી વચ્ચે કવિ કુમાર વિશ્વાસને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર ટિપ્પણી ન કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. કુમાર વિશ્વાસના મેનેજરે જણાવ્યું કે ઈમેલ દ્વારા આ ધમકી આપવામાં આવી રહી છે. કુમાર વિશ્વાસના મેનેજર પ્રવીણ પાન્ડેયે કહ્યુ કે થોડા દિવસથી એક વ્યક્તિ તરફથી સતત ઈમેલના માધ્યમથી ધમકી આપવામાં આવી રહી છે. ઈમેલ કરનાર વ્યક્તિએ ભગવાન રામ માટે ખુબ અપમાનજનક વાત કહેતા તેનું મહિમામંડન ન કરવાની ચેતવણી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઉદ્યોગપતિ મુકેશ અને નીતા અંબાણી નાના-નાની બન્યાં

**ઈશા અંબાણીએ ટ્વિન્સને જન્મ આપ્યો છે : ઈશા અંબાણીએ આનંદ પિરામલ સાથે ૨૦૧૮માં લગ્ન કર્યા હતા : ચાર વર્ષ બાદ ઈશા-આનંદ પેરેન્ટ્સ બન્યા**



મુંબઈ, તા.૨૦

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને તેમનાં પત્ની નીતા અંબાણીના ઘરે અત્યારે ખુશીનો માહોલ છે. દાદા-દાદી બન્યા પછી હવે મુકેશ અને નીતા અંબાણી નાના-નાની બની ગયા છે. મુકેશ અને નીતા અંબાણીની દીકરી ઈશા અંબાણી મમ્મી બની છે. ઈશા અંબાણીએ ટ્વિન્સને જન્મ આપ્યો છે. ઈશા અંબાણી અને પતિ આનંદ પિરામલ દીકરા અને દીકરીના પેરેન્ટ્સ બની ગયા છે. અંબાણી અને પિરામલ પરિવાર તરફથી મીડિયામાં એક નિવેદન બહાર પાડીને આ અંગેની માહિતી આપવામાં આવી છે. સાથે જ બંને બાળકોના નામનો ખુલાસો પણ કરવામાં આવ્યો છે.

ઈશા અંબાણીએ ૧૯ નવેમ્બર ૨૦૨૨ના રોજ ટ્વિન્સને જન્મ આપ્યો છે. ઈશાની દીકરીનું નામ આદ્યા અને દીકરાનું નામ ક્રિષ્ના પાડવામાં આવ્યું છે. બંને પરિવારો તરફથી બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "અમને જણાવતાં આનંદ થાય છે કે, ઈશ્વરની કૃપાથી અમારા બાળકો ઈશા અને આનંદને ત્યાં ટ્વિન્સનો જન્મ થયો છે. ઈશા અને તેના બાળકો- દીકરી આદ્યા અને દીકરો ક્રિષ્ના એકદમ સ્વસ્થ છે.

## ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી બીજી ટી૨૦ મેચમાં ભારતે જીત મેળવી

નવી દિલ્હી, તા.૨૦

ટી૨૦ વિશ્વકપમાં સેમીફાઈનલમાં પરાજય બાદ ભારતીય ટીમે નવી શરૂઆત કરી છે. હાર્દિક પંડ્યાની આગેવાનીમાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી બીજી ટી૨૦ મેચમાં ભારતે ૬૫ રનથી જીત મેળવી ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ભારતે સૂર્યકુમાર યાદવની શાનદાર સદીની મદદથી ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૯૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ ૧૮.૫ ઓવરમાં માત્ર ૧૨૬ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

# મેંગ્લોરમાં રીક્ષામાં વિસ્ફોટ

**આતંકવાદીઓએ ઓટો રિક્ષામાં બ્લાસ્ટ કર્યો હતો : આતંકીઓ મોટા ષડ્યંત્રને અંજામ આપવાની ફિરાકમાં છે : DGP**

**: વિસ્ફોટ એક પોલીસ સ્ટેશન નજીક એક ઓટોરિક્ષામાં થયો હતો, જેમાં એક મુસાફર અને ડ્રાઈવર ઘાયલ થયા હતા**

મેંગલુરુ, તા.૨૦

કર્ણાટકના મેંગલુરુમાં શનિવારે રિક્ષામાં થયેલા વિસ્ફોટમાં આતંકી એંગલ સામે આવ્યો છે. કર્ણાટકના DGP પ્રવીણ સૂદે રવિવારે જણાવ્યું કે, આ સામાન્ય વિસ્ફોટ નથી, પરંતુ આતંકી હુમલો છે. તેમણે કહ્યું કે, વિસ્ફોટમાં વધારે નુકસાન નથી થયું, પરંતુ મોટું નુકસાન પહોંચાડવાના ઈરાદે આ વિસ્ફોટ કરવામાં આવ્યો છે. કર્ણાટક રાજ્ય પોલીસ કેન્દ્રીય એજન્સીઓ સાથે આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે. વિસ્ફોટ શનિવારે સાંજે એક પોલીસ સ્ટેશન નજીક એક ઓટોરિક્ષામાં થયો હતો, જેમાં એક મુસાફર અને ડ્રાઈવર ઘાયલ થયા હતા. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મેંગલુરુમાં શનિવારે સાંજે લગભગ ૫ વાગ્યે એક રિક્ષામાં વિસ્ફોટ થયો હતો, જેમાં બે લોકો ઘાયલ થયા હતા. કર્ણાટકના ગૃહમંત્રી અરાગા જ્ઞાનેન્દ્રએ રવિવારે કહ્યું હતું કે, આશંકા વર્તાઈ રહી છે કે આ આતંકી ઘટના છે. રાજ્ય પોલીસ હવે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને ઝીણવટભરી તપાસ કરશે. જ્ઞાનેન્દ્રએ કહ્યું કે રાજ્ય પોલીસ કેન્દ્રીય એજન્સીઓના સંપર્કમાં છે અને એક-બે દિવસમાં તમામ માહિતી બહાર આવશે.



મેંગલુરુમાં કાંકનાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગભગ સાંજે ૫ વાગ્યે રિક્ષામાં આગ લાગી હતી. ઘટનાના ઝઝ્ઝ ફૂટેજ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય કે એક ઈમારત પાસે કામ ચાલી રહ્યું છે. ત્યાં એક રિક્ષા રોકાય છે અને તેમાં જોરદાર વિસ્ફોટ થાય છે. સૂત્રો અનુસાર, એક યાત્રીએ રિક્ષામાં બેગ મૂકી હતી. કહેવામાં આવી રહ્યું છે કે બેગમાં વિસ્ફોટક સામગ્રી એટલે કે બોમ્બ મૂકવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર





